# રાજકોટમાં સપ્તસંગીતિના આંગણે બનારસ ઘરાનાના સૂરોની સરવાણી




## પં. રિતેશ-રજનીશ મિશ્રાએ પિતા પં. રાજન મિશ્રાને અર્પી સ્વરાંજલિ

રાજકોટ,
રાજકોટ શહેરના સંગીત જગતની શાન ગણાતા 'સપ્તસંગીતિ' મહોત્સવના આઠ વર્ષના ઈતિહાસમાં અનેક દિગ્ગજ કલાકારોએ પોતાની કલા પીરસી છે. વર્ષ ૨૦૧૯માં બનારસ ઘરાનાના પ્રખર ગાયક સ્વ. પંડિત રાજન મિશ્રાજીએ આ મંચને ગૌરવ અપાવ્યું હતું. તેમના અવસાન બાદ, સપ્તસંગીતિ ૨૦૨૬ના ચોથા દિવસે તેમના પુત્રો પં. રિતેશ મિશ્રા અને પં. રજનીશ મિશ્રાએ પોતાના પિતાના વારસાને જીવંત રાખતી ભવ્ય પ્રસ્તુતિ કરી હતી.

કાર્યક્રમનો પ્રારંભ પેલિકન રોટોફ્લેક્સના પરિવાર, ગૌરાંગભાઈ છત્રાલા (જી.એન. અલટેક), વિનોદભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ શેઠ અને વિક્રમભાઈ પૂજારાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો.

પ્રથમ સત્રમાં 'તાલ ત્રિવેણી પર્ક્યુશન ગ્રુપ' દ્વારા રીધમ અને ઉર્જાની અદ્વિતીય પ્રસ્તુતિ થઈ હતી. માધવ પુરોહિત (તબલા), અંકુર મદની (જેમ્બે) અને ધવલ મિસ્ત્રી (પખાવજ) એ તીનતાલમાં વિવિધ બંદિશો રજૂ કરી હતી. આ ગ્રુપના ગુરુ સ્વ. પં. બાલકૃષ્ણ મહંતજીનું એક દિવસ પૂર્વે જ નિધન થયું હોય, કલાકારોએ આ પ્રસ્તુતિ તેમને ભાવપૂર્વક સમર્પિત કરી હતી. જયેશ મકવાણાએ હાર્મોનિયમ પર સંગત આપી વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું.

બીજા ચરણમાં પંડિત રિતેશ અને પંડિત રજનીશ મિશ્રાની જોડીએ 'રાગ નાયકી કાનડા' માં વિલંબિત એકતાલમાં 'બનરા મોરા પ્યારા' બંદિશથી શરૂઆત કરી હતી. ત્યારબાદ 'પખેરુવા રે એ માઈ' અને 'સજન બિન ભઈ નિરાશ' જેવી રચનાઓથી શ્રોતાઓને ડોલાવ્યા હતા. બંને ભાઈઓના સ્વરોનો સમન્વય એવો હતો કે જાણે એક જ આત્મા સંગીત રૂપે વહેતો હોય.

ખાસ આકર્ષણ પં. રાજન મિશ્રાજીના અમર ગીત 'સાધ રે મન સૂર કો સાધ' (ફિલ્મઃ સુર સંગમ) અને તુલસીદાસજીના ભજન 'જનની મેં ન જાઉં બિન રામ' રહ્યા હતા. તબલા પર નિરજ ધોળકિયા, હાર્મોનિયમ પર પલાશ ધોળકિયા અને તાનપુરા પર હર્ષ સંઘાણી તથા પ્રિતેશ પરમારે કુશળ સાથ આપ્યો હતો.

રાજકોટઃ સપ્તસંગીતિ ૨૦૨૬ના મંચ પર રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ 'જય જય જગ જનની દેવી' સ્તુતિ પર મનમોહક કથ્થક નૃત્ય રજૂ કર્યું હતું. નિઓરાજકોટ ફાઉન્ડેશન દ્વારા મનપાની શાળાઓના ૫૦૦થી વધુ બાળકોને અપાતી નિઃશુલ્ક શાસ્ત્રીય સંગીત તાલીમના ભાગરૂપે આ પ્રસ્તુતિ થઈ હતી, જે બદલ બાળાઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાઈ હતી. જેમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને સંગીત શિક્ષકોએ ભાગ લીધો હતો.

# ભારતનું સૌથી મોટું એન્જિનિયરિંગ ઉદ્યોગનું હબ રાજકોટ: વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં બિઝનેસની તક ઝડપી લેવા આતુર



**રાજકોટમાં સૌપ્રથમ ૧૯૬૧ માં સ્થપાયેલી ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઝ : હાલ રાજકોટમાં ૧૫ જી.આઈ.ડી.સી., ૫૫ હજારથી વધુ એન્જિનિયરિંગ એકમો**

**'આત્મનિર્ભર ભારત' અને સ્વદેશી અભિયાનથી સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન : ડિફેન્સ, રેલવે સહિતના સેક્ટરમાં ૫૦ ટકા થી વધુ પાર્ટસ રાજકોટ કરે છે સપ્લાય**

રાજકોટ
રાજકોટ એ માત્ર રંગીલું, મોજીલું શહેર નથી, પરંતુ રાજકોટે અનેક સફળ ઉદ્યોગકારો પણ આપ્યા છે. ઉદ્યોગ સાહસિકતા, ટેક્નોલોજી, ઈનોવેશન અને ઔદ્યોગિક નીતિના પરિણામે માત્ર ભારત જ નહીં પરંતુ અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઈસ્ટ એશિયા, મિડલ ઈસ્ટ સહિતના અનેક દેશમાં 'મેઈડ ઈન રાજકોટ' પ્રોડક્ટ્સ એક્સપોટ્ર્સ થાય છે. રાજકોટ એટલે ઓટો અને મશીન ટૂલ્સ એન્જિનિયરિંગ ઉદ્યોગનું હબ. જેમાં હાલ ૫૫ હજારથી વધુ માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ જોડાયેલી છે. રાજકોટની પહેલી જી.આઈ.ડી.સી. વર્ષ ૧૯૬૧ માં ભક્તિનગર સ્ટેશન વિસ્તારમાં સ્થપાયેલી. ઔદ્યોગિક ક્ષેત્રે વ્યાપ વધતા સમયાંતરે આજી ઈન્ડસ્ટ્રીઝ, શાપર વેરાવળ, મેટોડા, લોધીકા, બામણબોર, વઘાસીયા, અને ખીરસરા સહીત રાજકોટના નજીકના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ ઝોન ઉમેરાતા ગયા.રાજકોટની ઓટો એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ક્ષમતા સાબિત કરી ચુકી છે. રાજકોટમાં બનતા પાર્ટસ અમેરિકન ટેસ્લા, જર્મન મર્સીડીઝ, જાપાની સુઝુકી મોટર્સ સહીત ઈસ્ટ એશિયા, લેટિન અમેરિકા, આફ્રિકા, મિડલ ઈસ્ટ, બાંગ્લાદેશ સહિતના દેશમાં પ્રભુત્વ જમાવ્યું છે.

ભારતના સૌથી મોટા એવા રાજકોટના એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ આ સફળતા માટે ઉદ્યોગ સાહસિકોની ૬૫ વર્ષની મહેનત સાથોસાથ ભારત સરકારનો પ્રોએક્ટીવ અભિગમ, ઔદ્યોગિક નીતિ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિકસિત ગુજરાત થી વિકસિત ભારતનો અભિગમ કારણભૂત હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા બે દાયકાથી રાજકોટ શહેર આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ ઔદ્યોગિક હબ તરીકે વિકસી રહ્યું છે. આ ગ્રોથ અંગે તેમને જણાવ્યું હતું કે, હવેના ઉદ્યોગકારોએ આધુનિક ટેકનોલોજીના સહારે લાંબી હરણફાળ ભરી છે. ક્વોલિટી, ઈન ટાઈમ મેનેજમેન્ટ અને સ્કિલ ડેવલોપમેન્ટ થકી વિશ્વની કંપનીઓનો ભરોસો ઓટો ઈન્ડસ્ટ્રીઝે મેળવ્યો છે. ડીઝલ એન્જિનથી શરૂ થયેલ ઔદ્યોગિક સેક્ટર હવે ગ્લોબલ પ્રભુત્વ ધરાવે છે. તેઓએ ગૌરવ સાથે જણાવ્યું હતું કે રાજકોટના ૫૦ ટકા જેટલા એકમો એક્સપોર્ટ કરી રહ્યા છે.

'વાઈબ્રન્ટ ગુજરાત', 'મેક ઈન ઈન્ડિયા', આત્મનિર્ભર ભારત અભિયાન થકી નાના ઉદ્યોગકારોને મળી ગ્લોબલ બિઝનેસની તકરાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ જણાવ્યું હતું કે પ્રિ વાઈબ્રન્ટ સમિટ - ૨૦૨૩ અંતર્ગત મોરબી સિરામિક એસોસિએશન અને રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન વચ્ચે ર્ં થવાથી બંને ઉદ્યોગોને વેગ મળ્યો છે. સિરામિક ઉદ્યોગને જરૂરી મશીનરી રાજકોટમાં નિર્માણ થઇ રહી છે. આથી મશીનરીની આયાત બંધ થતાં દેશનું હૂંડિયામણ પણ બચાવી શકાયું છે.

'આત્મનિર્ભર ભારત' અને સ્વદેશી અભિયાનના કારણે સરકાર સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. વિદેશી નવી ટેક્નોલોજી અને અવનવા પાર્ટસ બનવવાનું સૌભાગ્ય મળ્યું છે. ખાસ કરીને ડિફેન્સ, રેલવે સહિતના સેક્ટરમાં ૫૦ ટકા થી વધુ પાટ્ર્સ જે પહેલા ઈમ્પોર્ટ કરવા પડતા તે હવે રાજકોટના ૧૦૦ જેટલા એકમો સપ્લાય કરી રહ્યા છે. એરોસ્પેસ ક્ષેત્રે પણ હવે રાજકોટ હબ બનતું જાય છે, ત્યારે રાજકોટ ઓટો પાટ્ર્સ એન્જિનિયરિંગ ક્ષેત્રે આવનારા દિવસોમાં બહુમૂલ્ય યોગદાન પૂરું પાડશે તેમ ચોક્કસ કહી શકાય.

### વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં સહભાગી થવા અપીલ

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ રાજકોટ ખાતે યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવાયું હતું કે, રીજનલ કોન્ફરન્સ ફોર્મેટથી સૌરાષ્ટ્ર કચ્છના ઉદ્યોગકારોને ગ્લોબલ પ્લેટફોર્મ મળશે. રાજકોટનો ઓટો પાટ્ર્સ, મશીન ટૂલ્સ, જામનગરનો બ્રાસ પાર્ટ, મોરબીનો સિરામિક ઉદ્યોગ, જુનાગઢનો માઈન્સ ઉદ્યોગ, કચ્છના સ્થાનિક હસ્તકલા ઉદ્યોગ, પ્રવાસન ઉદ્યોગને વિશેષ એક્સપોઝર મળશે. રીજનલ કોન્ફરન્સ રાજકોટ ખાતે યોજાઈ રહી છે, ત્યારે ભારતનું સૌથી મોટું એન્જિનિયરિંગ ઉદ્યોગ હબ રાજકોટ બિઝનેસની તક ઝડપી લેવા આતુર છે.

સરકારશ્રીની દરેક તાલુકા કક્ષાએ એક જી.આઈ.ડી.સી. ક્લસ્ટરની વિભાવનાને સાર્થક કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં વ્યાપાર-ઉદ્યોગનું ફલક વધતા રાજકોટ, ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજી, જસદણ, કુવાડવા, કોટડા કોટડા સાંગાણી, પડધરી સહિતના તાલુકામાં પણ કુલ ૧૫ જી.આઈ.ડી.સી. કાર્યરત છે.

રાજકોટ શહેર, જિલ્લામાં ઓટો, મશીન ટૂલ્સ ઉપરાંત કિચનવેર, પ્લાસ્ટિક, કેમિકલ, ફાર્મા, ટોયઝ મળીને વિવિધ સેક્ટરમાં ૯૯,૬૫૪ મેન્યુફેક્ચરિંગ, ૬૮,૦૮૦ સર્વિસ સેક્ટર તેમજ ૬૮,૪૦૩ ટ્રેડિંગ વ્યવસાયિક એકમો કાર્યરત હોવાનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર શ્રી મિતેષભાઈ લાડાણીએ જણાવ્યું છે. જેમાં માત્ર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ૫.૫૫ લાખ લોકોને રોજગારી મળી રહી છે.

- આલેખન : રાજકુમાર

# સીટીલાઇફ

## સોમનાથમાં દર્શનાર્થીનો મોબાઈલ ગુમ થતાં પોલીસે શોધી આપ્યો




વેરાવળ,
સોમનાથ મંદીર ખાતે દર્શનાર્થે આવેલ યાત્રાળુ નો ગુમ થયેલ મોબાઈલ ફોન શોધી કાઢી મુળ માલીક ને મોબાઈલ ફોન પરત ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા ના માર્ગદર્શન મુજબ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગૌસ્વામીની સુચના થી પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ સ્ટાફ દ્વારા તા ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ સોમનાથ મંદીર ખાતે દર્શનાર્થે પધારનાર યાત્રાળુ નીતાબહેન બીપીનભાઇ વ્યાસ રહે. ગોંડલ વાળાનો ગુમ થયેલ એમ.આઇ.કંપની નો કી.રૂ.૨૦૦૦૦/- નો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન સી.સી.ટી.વી. સર્વેલન્સ તથા હયુમન રીસોર્સીસ ના માધ્યમ થી શોધી તેઓને પ્રભાસ પાટણ પી.આઇ એચ.આર.ગૌસ્વામી તથા સર્વેલન્સ સ્ટાફ ટીમ મા પરત અપાવેલ છે.

## ગુજરાત રંગભૂમિના કલાકાર વત્સલા પાટીલ સોમનાથ મહાદેવ મંદિરના દર્શને



વેરાવળ,
ગુજરાતી રંગભૂમિ પર મહીં સાગર ના આરે મૈયર માં મનડું નથી લાગતું સાસરીયુ સ્વર્ગ થી સોહામણુ જેવી અનેક ગુજરાતી ગીતો લગ્ન ગીત ના કોકીલકંઠી વત્સલા પાટીલ નું સોમનાથ મહાદેવ મંદિર દર્શન માટે આવતા નવરંગ રેસ્ટોરન્ટ પર ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી શ્રી મીના બા જાદવ સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ દ્વારા તેમનું સોમનાથ મહાદેવ સ્મૃતિ ચિન્હ ફોટા થી સન્માનિત કરવામાં આવ્યા હતા

## રાજકોટમાં શ્યામ ગ્રુપ આયોજીત સમુહ રાંદલમાંના લોટા ધર્મોત્સવ સંપન્ન



રાજકોટ,
રાજકોટમાં અન્નપૂર્ણેશ્વર મહાદેવ જુની પપૈયાવાડી ગુરૂ પ્રસાદ ચોક પાસે સમુહ રાંદલ માતાના લોટાનુ વાજતે ગાજતે ધામે ધુમે અર્ચન પુજન, રાસગરબા તેમજ ગોરાણીના ભોજન પ્રસાદ, ધર્મ કાર્ય કરવામાં આવેલ હતુ.

આ ધર્મોત્સવમાં સ્વામીનારાયણ ચોક શ્યામ ગ્રુપ ના પ્રમુખ ભગીરથ કાર્યના ભાગીદાર નારણભાઈ બોળીયા તથા રોહિતભાઈ બોળીયા વોર્ડ નં. ૧૩ યુવા બી.જે.પી. મહામંત્રી, ગોરણીના ભોજન પ્રસાદના દાતા તરીકે સેવા આપી હતી.આ પ્રસંગે કલાકાર પત્રકાર તુલસીદાસ ગોંડલીયા એ સેવા આપી હતી.

# કેન્સરના પ્રારંભિક નિદાન પર ખાસ ભાર, દુધાળા ગામે હેતની હવેલીમાં મેગા મેડિકલ કેમ્પ

મિલાપ રૂપારેલ અમરેલી
ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં મોંઘી અને આધુનિક સારવાર આજે પણ અનેક લોકો માટે અપ્રાપ્ય છે, ત્યાં અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે તા. ૪ થી ૭ સુધી યોજાયેલ મેગા મેડિકલ કેમ્પ માનવતાની જીવંત મિસાલ બની રહ્યો છે. ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ ચાર દિવસીય કેમ્પમાં દેશ-વિદેશના નિષ્ણાત તબીબો દ્વારા કેન્સર સહિતના ગંભીર રોગોની સંપૂર્ણ નિઃશુલ્ક તપાસ અને સારવાર આપવામાં આવી રહી છે. અમરેલીઃ આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને માનવતાપૂર્ણ પહેલ રૂપે લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે મેગા મેડિકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોના લોકોને ઉચ્ચ ગુણવત્તાની તબીબી સેવાઓ તેમના દ્વાર સુધી પહોંચાડવાનો છે. ખાસ કરીને કેન્સર જેવા જીવલેણ રોગોના પ્રારંભિક નિદાન પર કેમ્પમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સમયસર સારવારથી દર્દીઓનું જીવન બચાવી શકાય. આ કેમ્પના આયોજન અંગે માહિતી આપતા સવજીભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, ચાર દિવસીય આ મેગા કેમ્પમાં ૨૦૦ થી વધુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ સતત સેવારત છે. દર્દીઓની સંપૂર્ણ તપાસ, સ્ક્રીનિંગ, નિદાન અને સારવાર એક જ સ્થળે વ્યવસ્થિત રીતે કરવામાં આવી રહી છે. કેમ્પમાં સ્તન કેન્સર, સર્વાઈકલ કેન્સર, મોઢા, માથા અને ગરદનનો કેન્સર તેમજ ફેફસાના કેન્સર જેવી ગંભીર બીમારીઓનું આધુનિક પદ્ધતિથી નિદાન કરવામાં આવે છે.

આ મેગા મેડિકલ કેમ્પની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં કરવામાં આવતી તમામ સ્ક્રીનિંગ ટેસ્ટ, લેબોરેટરી તપાસ, સારવાર, દવાઓ તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને કૃત્રિમ અંગો પણ ૧૦૦ ટકા મફતમાં આપવામાં આવે છે. આ કારણે આસપાસના અનેક ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં લોકો સારવાર માટે પહોંચી રહ્યા છે.

પ્રયાસ પણ બની રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાનો અભાવ દૂર કરવા અને ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો માટે આશાનો દીવો પ્રગટાવતો આ કેમ્પ નિશ્ચિત રીતે પ્રશંસનીય અને અનુસરણયોગ્ય પહેલ સાબિત થયો છે.

# જૂનાગઢ જિલ્લા/તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ,
નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ગુરુવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે.

નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને સીધા પણ રજૂ કરી શકશે.

# વાઇબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ સંદર્ભે રાજકોટ શહેરના તમામ વિસ્તારો 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર

રાજકોટ
રાજકોટ શહેર ખાતે આગામી તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ-૨૦૨૬' યોજાનાર છે. જે સંદર્ભે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય-રાજ્યના મંત્રીઓ, વિશ્વ-રાજ્યના ટોચના ઉદ્યોગપતિઓ, દેશ-વિદેશની કંપનીઓના સી.ઇ.ઓ. રાજકોટ શહેરમાં પધારશે અને રાત્રી રોકાણ કરશે. આ સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદી અને અસામાજિક તત્વો, માનવરહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો, માનવ સંચાલિત નાના કદના વિમાન જેવા સંસાધનો અથવા એરો-સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોના ગેરલાભ લઈ મહાનુભાવો, જાહેર જનતા તેમજ કાયદો અને વ્યવસ્થાને હાનિ પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

જેથી, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેરના તમામ વિસ્તારોને 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કર્યા છે. જેમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરડાફ્ટ, હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર, પેરા મોટર, હોટ એર બલુન, પેરા જમ્પીંગ ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવી છે. પોલીસ વિભાગ, સુરક્ષા બળો અને રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનને ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા માટે મુક્તિ આપવામાં આવી છે.આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૦૯/૦૧/૨૦૨૬થી તા. ૧૨/૦૧/૨૦૨૬ના રાત્રે ૧૨ કલાક સુધી અમલી રહેશે. જેનો ભંગ કરનારી વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# સોમનાથનાં પ્રભાસપાટણમાં પાલિકાનું સીટી બસસ્ટેશન બિસ્માર



વેરાવળ,
સોમનાથ પ્રભાસ પાટણ નગરપાલિકા સંચાલિત પ્રભાસ પાટણની શિવ પોલીસ ચોકી પાસે આવેલ સીટી બસ સ્ટેશન સાવ પડીને પાધર જેવું તૂટેલ ફુટેલ હાલતમાં લોકોને કોઈપણ જાતનો ઉપયોગમાં આવે નહીં તેવી હાલતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી છે.

આમ છતાં જેની જવાબદારી છે તે નગરપાલિકાનું તંત્ર કે પ્રભાસ ના નગરપાલિકાના સભ્યો પણ ધ્યાન દેતા નથી તુટેલ બીન ઉપયોગી આ સીટી બસ સ્ટેશન લોખંડનું છે જે કટાઈ ચૂકેલ છે માટે પથ્થરનું નવેસરથી વ્યવસ્થિત અને સારી સુવિધા વાળું બનાવાય તે જરૂરી છે.

પ્રભાસ પાટણમાં નગરપાલિકા સ્ટ્રીટ લાઇટ કર્મચારીઓ દ્વારા વહેલી સવારના ૬:૩૦ વાગ્યે બંધ કરી દે છે જેને કારણે ગલી ગલીમાં કુતરાના ત્રાસને કારણે મુસીબતમાં મુકાવું પડે છે અને બહારના યાત્રિકો સ્ટ્રીટ લાઈટ ના અભાવે મોબાઈલ ટોર્ચનો ઉપયોગ કરી ગામમાં ખરીદી કે રૂમ ગોતવા ફાંફા મારવા પડે છે શિયાળાને કારણે સવારનો ઉજાસ મોડેથી થાય છે જેથી સવારે ૭ વાગે લાઈટ બંધ થવી જોઈએ પાવર ગોઠવવા માંગણી ઉઠી છે.

# નિઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા કોર્પોરેશનની શાળાના પાંચ શિક્ષકોનું કરાયું સન્માન

રાજકોટ,
નિઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની શાળાઓમાં શિક્ષણને લગતા ઘણા કાર્યક્રમો ચાલે છે તેમા મોરપીંછની કલગીરુપ શ્રેષ્ઠ શિક્ષકો ને આઉટસ્ટેન્ડીંગ ટીચર એવોર્ડ ૨૦૨૬ એનાયત કરવાની શરુઆત ચાલુ વર્ષથી કરવામાં આવી છે. સપ્ત સંગીતિ ૨૦૨૬ના મંચ પર રાજકોટ શહેરના સુજ્ઞ નાગરિકોની હાજરીમાં સંસ્થાના ડિરેક્ટરઓ, પેટ્રનઓ અને રાજકોટ મહાનગરપાલીકાના કમિશ્નર તુષાર સુમેરાના હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ માટે જે પાંચ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં રાજેશ ગડારા, ડો. હેતલ પારિયા, આશાબેન ગજ્જર, નયનકુમાર રુદકિયા અને ગોદાવરીબેન ભાલોડીયાનો સમાવેશ થાય છે.

# એ.આર.ટી.ઓ. અમરેલી દ્વારા ડ્રાઈવરોની આરોગ્ય તપાસણી કરવામાં આવી

અમરેલી,
કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માતોના ઘટાડા અને માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુસર દર વર્ષે જાન્યુઆરીમાં ઉજવાતા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત અમરેલી જિલ્લામાં એ.આર.ટી.ઓ. કચેરી, અમરેલી દ્વારા વિવિધ જનહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

રોડ સેફ્ટી કમિશનરશ્રી, ગુજરાત તેમજ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ તા. ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમ્યાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત તા. ૦૬.૦૧.૨૦૨૬, મંગળવારના રોજ અમરેલી શહેર તેમજ આસપાસના મુખ્ય માર્ગો પર વાહનચાલકો માટે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.